પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન, જેલ રોડ,
વડોદરા શહેર. ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦,
કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨,
E-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંકઃજી/સીપી/વિ.શા./ગ્રા.પ./જાહેરનામું/ ૪૯૭૨ /૨૦૨૧ તા.૨૩ /૧૧/૨૦૨૧

**વંચાણે લીધુ :-**

૧. રાજય ચૂંટણી આયોગના આદેશ ક્ર.રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ થી બહાર પાડેલ આદર્શ આચાર સંહિતા

૨. રાજય ચૂંટણી આયોગના પરિપત્ર ક્ર.ઇએલસી-સી.ઓ.સી.-૩(૭)-૧૧૨૦૨૧-ક, તા.૨૨/૧૧/૨૦૨૧

**ક્રિમિનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૩૭(૩) અન્વયે કાઢેલો હુકમ**

**// હુકમ //**

ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં સંદર્ભ-૧ ના આદેશથી મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચના આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. ક્રિમિનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું ડો. શમશેર સિંઘ (IPS) પોલીસ કમિશ્નર, વડોદરા શહેર વડોદરા, તાલુકામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/ પેટા ચૂંટણી-૨૦૨૧ ને અનુલક્ષીને વડોદરા તાલુકાના સયાજીપુરા, અનગઢ, ધનોરા, બાજવા, ખલીપુર, મારેઠા, કોટણા, નંદેસરી, તલસટ, સાંકરદા, દામાપુરા ગામમાં સભા, સરઘસ કે રેલી, જેવા વિવિધ કાર્યક્રમો યોજાતા હોઇ તેમજ હાલની રાજકીય પરિસ્થિતિને અનુલક્ષીને સદર ગામોમાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુથી પોલીસ કમિશ્નર, વડોદરા શહેર વિસ્તારોમાં યોજાનાર ગ્રામ પંચાયતની ચૂંટણી હેઠળના વિસ્તારમાં સુલેહ, શાંતિ અને સલામતી જાળવવી અત્યંત જરૂરી હોઇ, વ્યકિતઓની મંડળી, સભા, સરઘસ કે રેલીની મનાઇ કરવાનું મને જરૂરી જણાયું છે. તેથી હવે ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ગુજરાત ૨૨ માં) ની કલમ ૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ ઉપરોકત વિસ્તારોમાં,

**તા.૨૩/૧૧/૨૦૨૧ ના રોજ ૦૦-૦૦ કલાકથી તા.૨૧/૧૨/૨૦૨૧ ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી સિવાય**

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી,

(૨) સભા ભરવી નહી કે બોલાવવી નહીં તથા રેલી કાઢવી નહી.

આ હુકમથી સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથકના વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે. એટલે કે સભા, સરઘસ કે રેલી અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે.

ગુજરાતના રાજય ચૂંટણી પંચે તેમના આદેશ મુજબ,

(૧) રાજકીય પક્ષો/ ઉમેદવારો સક્ષમ અધિકારીની પરવાનગી મેળવીને જે સ્થળે ચૂંટણી પ્રચાર માટેની સભા રાખે તે સ્થળની અંદર જે સમય દરમ્યાન સભા યોજવામાં આવે તેટલા સમય ગાળા દરમ્યાન જ બેનર્સ, હોર્ડીગ્સ, કટ - આઉટ, પોસ્ટર્સ વિગેરે પ્રદર્શિત કરી શકશે. સંબંધિત રાજકીય પક્ષે/ ઉમેદવારે સભા પુરી થયા પછી તુર્તજ સભાના સ્થળે, પ્રદર્શિત કરી શકશે. સંબંધિત રાજકીય પક્ષે/ ઉમેદવારે સભા પુરી થયા પછી તુર્તજ સભાના સ્થળે, પ્રદર્શિત કરવામાં આવેલા બેનર્સ, હોર્ડીગ્સ, કટ - આઉટ, પોસ્ટર્સ વિગેરે દુર કરી જોઇશે.

(૨) સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવીને ચૂંટણી પ્રચાર માટે કાઢવામાં આવતા સરઘસ કે રેલીમાં પોસ્ટર્સ અને બેનર્સ સાથે રાખી શકશે અને સરઘસ કે રેલી પૂર્ણ થયે તે દુર કરી જોઇશે.

(૩) સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવીને ચૂંટણી પ્રચાર માટે કાઢવામાં આવતા સરઘસ કે રેલીમાં પક્ષ/ ઉમેદવારે આપેલ ખાસ સાધનો જેવા કે ટોપી, મહોરો, સ્કાર્ફ, વગેરેનો પરવાનગી સિવાય ઉપયોગ કરી શકશે નહી.

વધુમાં હું એવો આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતને

(૨) કોઇ લગ્નના વરઘોડાને

(૩) ફરજ પર હોય તેવી ગ્રામ રક્ષકદળની વ્યકિતઓને

(૪) કોઇ પણ સ્મશાનયાત્રાને

(૫) કોઈ પણ સરકારી કાર્યક્રમને

કોવિડ-૧૯ અન્વયે ગૃહ મંત્રાલય તથા ગૃહ વિભાગ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ તથા બહાર પાડવામાં આવનાર વખતો-વખતની ગાઇડ લાઇનનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ- ૧૩૫ ની પેટા કલમ(૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ૧૮૬૦ ના ૪૫ માં) ની કલમ - ૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

સદરહું હુકમ પોલીસ કમિશ્નર વડોદરા શહેર વિસ્તારમાં યોજાનાર ગ્રામ પંચાયતની ચૂંટણી હેઠળના બળ વિસ્તારમાં લાગુ પડશે.

આજ તા. ૨૩/૧૧/૨૦૨૧ ના રોજ સહી અને કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

(ડો. શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઇન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઇન્ચાર્જશ્રીઓ

(૩) વડોદરા શહેર કંટ્રોલરૂમ ઇન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ

(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

**સવિનય નકલ રવાના :-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર.

(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ઇન્ટે.), ગુ.રા., ગાંધીનગર.

(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર.

(૫) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા.

(૬) જીલ્લા ચુંટણી અધિકારી અને કલેકટશ્રી, વડોદરા શહેર, વડોદરા.

(૭) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલારોડ, અમદાવાદ.

(૮) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.

(૯) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.

(૧૦) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.

(૧૧) કમિશ્નરશ્રી, માહિતી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૨) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.

(૧૩) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.

(૧૪) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.

(૧૫) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પો.સ્ટે., વડોદરા.

(૧૬) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.

(૧૭) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)

(૧૮) આસી. કમિશ્નરશ્રી, (ઇન્ટે.), વડોદરા રીજીયન, વડોદરા.

(૧૯) મામલતદાર અને એકજીકયુટીવ મેજીશ્રી, વડોદરા શહેર, વડોદરા.

(૨૦) મામલતદાર અને એકજીકયુટીવ મેજીશ્રી, વડોદરા તાલુકા, વડોદરા.

(૨૧) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

(૨૨) ચુંટણી આચરસહિતા અમલીકરણ અધિકારીશ્રી તથા નોડલ અધિકારીશ્રીઓ.

૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.